# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

**1)** **દેશભરમાં અવિરત ઉર્જા પુરવઠો સુનિશ્ચિત કરવા LPGનું સ્થાનિક ઉત્પાદન 40 ટકા વધારાયું.**

**2)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અંગે બહેરીનના શાસક સાથે વાત કરી.**

**3)** **નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આવકવેરા કાયદા 2025 પર રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અભિયાન 'આરંભ 2026' શરૂ કર્યું.**

**4)** **ટ્રમ્પ વહીવટીતંત્ર, તેલના વધતા ભાવ ઘટાડવા એક મહિનાના લાઇસન્સ હેઠળ સમુદ્રમાં ફસાયેલા ઇરાની તેલ પરના પ્રતિબંધો હટાવશે.**

**5)** **ધાર્મિક શ્રદ્ધા અને ઉત્સાહ સાથે દેશભરમાં આજે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી.**

**6)** **ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટનમાં, ભારતીય શટલર તન્વી શર્મા અને ઇશરાની બરુઆ મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં પહોંચી.**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GOVT LPG

પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ માટે ભારતે સંકલિત અને સક્રિય અભિગમ અપનાવ્યો છે. વિવિધ મંત્રાલયો દ્વારા સંયુક્ત પગલાં દ્વારા, સરકાર દેશભરમાં અવિરત ઉર્જા પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે, સાથે જ સંગ્રહખોરી, કાળાબજાર અને ગભરાટ ભરેલી ખરીદીને રોકવા માટે પગલાં પણ લઈ રહી છે.

સરકારે ભાર મૂક્યો છે કે, બધી રિફાઇનરીઓ પૂરતી ક્રૂડ ઇન્વેન્ટરી સાથે ઉચ્ચ ક્ષમતા પર કાર્યરત છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું છે કે LPGનું સ્થાનિક ઉત્પાદન લગભગ 40 ટકા વધ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, કોઈ ઇંધણની અછત નોંધાઈ નથી અને નાગરિકોને ગભરાટ ભરેલી ખરીદી સામે પણ સલાહ આપી હતી. ગઈકાલે એક પત્રકાર પરિષદને સંબોધતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ એલપીજી સિલિન્ડરની ડિલિવરી સામાન્ય રીતે થઈ રહી છે.

(BYTE: SUJATA SHARMA)

# PM BEHRIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અંગે બહેરીનના શાસક સાથે વાત કરી

પ્રધાનમંત્રીએ બહેરીનના શાસક હમાદ બિન ઇસા અલ ખલીફા સાથે ગઇકાલે ફોન પર વાત કરી અને ઈદ અલ ફિત્રની શુભેચ્છા પાઠવી. એક

સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે જણાવ્યું હતું કે બંને નેતાઓએ પશ્ચિમ એશિયા ક્ષેત્રની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરી અને ઊર્જા અને રહેણાંક વિસ્તારો પરના હુમલાઓની નિંદા કરી, વૈશ્વિક ખાદ્ય, બળતણ અને ખાતર સુરક્ષા પર તેમની પ્રતિકૂળ અસર પર પ્રકાશ પાડ્યો. શ્રી મોદીએ નેવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા અને શિપિંગ રૂટ ખુલ્લા અને સલામત રાખવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે બહેરીનમાં ભારતીય સમુદાયના કલ્યાણ માટે સતત સમર્થન આપવા બદલ બહેરીનના શાસકનો આભાર માન્યો.

# PREZ MATHURA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લાના ગોવર્ધન સ્થિત દંગાહાટી મંદિરની મુલાકાત લેશે. દિલ્હી પરત ફરતા પહેલા તેઓ પરંપરાગત ગોવર્ધન પરિક્રમા પણ કરશે. રાષ્ટ્રપતિ ઉત્તર પ્રદેશના ત્રણ દિવસના પ્રવાસે છે. સાંભળીએ આ અંગે એક અહેવાલ

(BYTE: DIPENDER)

# PRARAMBH- SITHARAMAN

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે નવી દિલ્હીમાં આવકવેરા કાયદા 2025 પર રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અભિયાન 'આરંભ 2026' શરૂ કર્યું.

આ અભિયાન પ્રિન્ટ, રેડિયો, ટીવી, આઉટડોર, ડિજિટલ અને સોશિયલ મીડિયા પર ચાલશે. તેનો ઉદ્દેશ્ય નવા કાયદાની મુખ્ય વિશેષતાઓ વિશે જાગૃતિ લાવવાનો છે, જે આવતા મહિનાની પહેલી તારીખથી અમલમાં આવવાનો છે. આ પ્રસંગે બોલતા, નાણાં મંત્રીએ કહ્યું કે આવકવેરા કાયદો 2025 ભૂલો, વિવાદો અને પાલન ખર્ચ ઘટાડશે. તેમણે ભાર મૂક્યો કે નવો કાયદો ઓછો જટિલ છે અને લોકોને સમજવા માટે એક સરળ માળખું પૂરું પાડે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નાના વ્યવસાયો અને વ્યાવસાયિકો અર્થતંત્રની કરોડરજ્જુ છે, અને નવા કાયદા હેઠળ અનુમાનિત કરવેરા યોજનાને વધુ મજબૂત બનાવવામાં આવી છે.

# ELECTION COMMISSION

ચૂંટણી પંચે ચાર રાજ્યો આસામ, કેરળ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ તેમજ છ રાજ્યોમાં પેટાચૂંટણીઓ પહેલાં ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ મીડિયામાં રાજકીય જાહેરાતોનું નિયમન કરવાનો આદેશ જારી કર્યો છે.

આદેશ અનુસાર, તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને વ્યક્તિઓ અથવા સંગઠનોએ પણ તેમની જાહેરાતો પ્રકાશિત કરતા પહેલા મંજૂરી મેળવવી આવશ્યક છે. મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરિંગ કમિટી (MCMC) પાસેથી મંજૂરી લેવી આવશ્યક છે. આ નિયમ ટીવી, રેડિયો, પબ્લિક ડિસ્પ્લે સ્ક્રીન, ઇ-પેપર્સ, બલ્ક SMS, વોઇસ સંદેશાઓ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર દર્શાવવામાં આવતી જાહેરાતોને લાગુ પડશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# INDIA BHUTAN

**ભારત અને ભૂટાને ટપાલ સહકાર પર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે ભારતીય પોસ્ટ અને ભૂટાન પોસ્ટ વચ્ચે સહયોગ માટે એક માળખાગત માળખું પૂરું પાડે છે.**

**આ સમજૂતી કરારનો હેતુ પોસ્ટલ કામગીરી, ટેકનોલોજી વિકાસ, ક્ષમતા નિર્માણ, ટપાલ ટિકિટ સંગ્રહ અને જ્ઞાન આદાનપ્રદાન જેવા ક્ષેત્રોમાં સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. ભૂટાનના ટપાલ વિભાગના સચિવની ભૂટાનની મુલાકાત દરમિયાન સંચાર મંત્રાલય અને ભૂટાનના માળખાગત અને પરિવહન મંત્રાલય વચ્ચે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને દેશો ટેકનોલોજી ક્ષેત્રમાં સહયોગને વધુ મજબૂત બનાવવા સંમત થયા હતા, જેમાં**

ભારતીય પોસ્ટના વિકસતા ટેકનોલોજી ઇકોસિસ્ટમને લગતા અનુભવો અને શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવાનો સમાવેશ થાય છે.

# INDIA AFGANISTAN

ભારતે કાબુલ હુમલામાં ઘાયલ થયેલા લોકો માટે 2.5 ટન ઇમરજન્સી દવાઓ અને તબીબી પુરવઠો મોકલ્યો છે.

ભારતે 16 માર્ચે કાબુલ હુમલામાં ઘાયલ થયેલા લોકોની તબીબી સારવાર અને ઝડપી સ્વસ્થતા માટે 2 ટન 500 કિલોગ્રામ ઇમરજન્સી દવાઓ, તબીબી પુરવઠો, કીટ અને સાધનો મોકલ્યા છે. વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, ભારત અફઘાન લોકોની સાથે ઉભું છે અને આ મુશ્કેલ સમયમાં શક્ય તમામ માનવતાવાદી સહાય પૂરી પાડતું રહેશે.

# US ISRAEL-IRAN

અમેરિકા -ઇઝરાયલ ગઠબંધન અને ઇરાનમા પશ્ચિમ એશિયાના સંઘર્ષ ઝડપથી તીવ્ર બની રહ્યો છે. ખાડી દેશોમાં મુખ્ય ઉર્જા માળખાં પર લશ્કરી હુમલાઓ આ ક્ષેત્રમાં તણાવને વધારી રહ્યા છે અને ઇદ અલ-ફિત્ર અને પર્શિયન નવા વર્ષ નૌરોઝની ઉજવણી પર તેનો પ્રભાવ પડી રહ્યો છે .

અમેરિકી અધિકારીઓએ જાહેરાત કરી છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર એક મહિનાના લાઇસન્સ હેઠળ સમુદ્રમાં ફસાયેલા ઇરાની તેલ પરના પ્રતિબંધો હટાવશે કારણ કે અમેરિકા તેલના વધતા ભાવ ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# PREZ- EID

દેશભરમાં આજે ઈદ ઉલ-ફિત્ર ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવશે. આ તહેવાર પવિત્ર રમઝાન મહિનાના સમાપનનું પ્રતિક છે. આજે મુસ્લિમ બિરાદરો ઈદગાહ અને મુખ્ય મસ્જિદોમાં ઈદની નમાઝ અદા કરશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઈદ-ઉલ-ફિત્રની પૂર્વ સંધ્યાએ નાગરિકોને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે, આ તહેવાર વંચિતો માટે આત્મસંયમ, દાન અને કરુણાનો સંદેશ આપે છે. તેમણે કહ્યું કે, ઈદનો તહેવાર આપણને યાદ અપાવે છે કે, આપણે બધા વ્યક્તિઓના કલ્યાણ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. રાષ્ટ્રપતિ મુર્મુએ ઉમેર્યું કે આ પ્રસંગે, ચાલો આપણે જરૂરિયાતમંદોને મદદ કરવાનો, સમાજમાં એકતા અને સંવાદિતાને પ્રોત્સાહન આપવાનો અને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપવાનો સંકલ્પ કરીએ.

# ORLEANS MASTERS BADMINTON

ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટનમાં, ભારતીય શટલર તન્વી શર્મા અને ઇશરાની બરુઆ મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં પહોંચી ગયા છે

તન્વી શર્મા આજે સાંજે ફ્રાન્સના પેલેસ ડેસ સ્પોર્ટ્સ ખાતે મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં જાપાનની ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન નોઝોમી ઓકુહારા સામે રમશે. ગઈકાલે ક્વાર્ટર ફાઇનલ મુકાબલામાં તન્વીએ જાપાનની છઠ્ઠી ક્રમાંકિત નાત્સુકી નિદૈરાને 21-14, 21-14થી હરાવી હતી.

અન્ય અંતિમ ચાર મુકાબલામાં, ભારતની ઇશારાની બરુઆ આજે રાત્રે થાઇલેન્ડની પિચામોન ઓપાટનીપુથ સામે ટકરાશે. મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલ મેચ દરમિયાન માલવિકા બંસોડ 9-21, 7-15થી પાછળ રહી ગયા બાદ ઇશારાની સેમિફાઇનલમાં પ્રવેશી હતી.

---------------------------

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા.

- આજના મોટાભાગના અખબારોએ પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં વધારાના મુખ્ય સમાચારને બનાવ્યાં છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, યુદ્ધનો ઈંધણ પર માર; પ્રીમિયમ પેટ્રોલ 2 રૂપિયા મોંઘું થયું, ઇન્ડસ્ટ્રિયલ ડીઝલમાં પણ 22 રૂપિયાનો વધારો.
- સંદેશે "પ્રીમિયમ પેટ્રોલના ભાવ લિટર દીઠ 2.35 રૂપિયા વધ્યા" ના સમાચાર લીધા છે.
- અને ફૂલછાબ લખે છે કે, પ્રીમિયમ પેટ્રોલ અને ઇન્ડસ્ટ્રિયલ ડીઝલ મોંઘા.
- ગુજરાત સમાચાર લખે છે કે, ડૉલર સામે રૂપિયામાં તીવ્ર કડાકો: 93 ની સપાટી ગુમાવી.
- નવગુજરાત સમય લખે છે કે, પ્રવાસન સ્થળો પર હુમલાની ઈરાનની ધમકી: અમેરિકાએ સૈન્યબાળ વધાર્યું.
- સ્થાનિક સમાચારોમાં, માવઠાથી ઘઉં-ચણા સહિતના શિયાળુ પાકને નુકસાન: ખેડૂતોને આર્થિક ફટકો, ગુજરાતમાં 12 માંથી 7 ખાંડ મિલોમાં

શેરડીનું પીલાણ બંધ,      સરકારી વાહનને 10 વર્ષ થયા હોય અને અઢી લાખ કિલોમીટર ફરેલું હોય તો રદ કરાશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.